**શહીદ સૈનિકોના શહીદી / મૃત્યુ પ્રસંગે તેમના કુટુંબને આર્થિક લાભો ચુકવવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃમસક–૧૦૨૦૧૧–૩૬૩–ફ,**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૩/૨/૨૦૧૬

**<u>વંચાણે લીધાઃ–</u>**

(૧) ગૃહ વિભાગનો તા. ૨૯/૮/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃસીએમજે/૧૦૨૦૦૦/૧૮૭૨/ફ.
(૨) ગૃહ વિભાગનો તા.૧૭/૮/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃસીએમજે/૧૦૨૦૦૦/૧૮૭૨/ફ. (પાર્ટ ફાઈલ)
(૩) માન.મુખ્યમંત્રીશ્રી જવાન રાહત ભંડોળ સમિતિની તા.૯/૭/૨૦૦૩ ની કાર્યવાહી નોંધ.
(૪) માન.મુખ્યમંત્રીશ્રી જવાન રાહત ભંડોળની તા.૮/૩/૨૦૦૬ ની સબ કમિટિની બેઠકની નોંધ
(૫) ગૃહ વિભાગનો તા.૧૯/૬/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃસીએમજે/૧૦૨૦૦૦/૧૮૭૨/ફ. (પાર્ટ ફાઈલ)

**<u>આમુખઃ–</u>**

દેશની આઝાદીની રક્ષા કરતા જવાનોને મદદરૂપ થવા દેશના નાગરિકો તરફથી મળતા દાનના નિયમન માટે ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જવાન રાહત ભંડોળની રચના વિભાગના વંચાણે લીધા ક્રમ–૧ ના તા. ૨૯/૮/૨૦૦૦ ના ઠરાવથી કરેલ છે. આ ઠરાવથી બનાવેલ સમિતિ મુખ્યમંત્રીશ્રી જવાન રાહત ભંડોળને મળેલ રકમ અને આ રકમના વ્યાજમાંથી મુખ્યત્વે મૂળ ગુજરાતના માજી કે સ્વર્ગસ્થ સૈનિકોના કુટુંબને આર્થિક સહાય તેમજ અન્ય કલ્યાણકારી યોજનાઓનો અમલ કરે છે. મુખ્યમંત્રીશ્રી જવાન રાહત ભંડોળને મળેલ રકમના વહીવટ માટે રચાયેલ આ સમિતિની એક બેઠક તા. ૯/૭/૨૦૦૩ ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના વડપણ હેઠળ મળેલ. જેમાં સમિતિએ લશ્કરી / અર્ધ લશ્કરી દળના વ્યકિતઓની વીરતાભરી શહીદી / મૃત્યુ પ્રસંગે તેમના કુટુંબને આર્થિક લાભો આપવાનું નકકી કરેલ છે અને તે મુજબ હાલમાં આ લાભો ચુકવાય છે. લશ્કરી / અર્ધ લશ્કરી દળના વ્યકિતઓની વીરતાભરી શહીદી / મૃત્યુ પ્રસંગે તેમના કુટુંબને આર્થિક લાભો અંગે સરકારમાં નીતિ વિષયક નિર્ણયને વિધિસર જાહેર કરવા અંગે વખતો વખતની સુચનાઓ તથા નીતિ સંકલિત કરી તમામ પ્રવર્તમાન સુચનાઓ ઠરાવ સ્વરૂપે બહાર પાડવાની બાબત વિચારણામાં હતી. આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**<u>ઠરાવઃ–</u>**

જે લશ્કરી/અર્ધ લશ્કરી દળની વ્યકિત ફરજ ઉપર હાજર હશે અને તેનું નીચેના સંજોગોમાં મૃત્યુ થશે તો જ આ લાભ તેમના કુટુંબીજનોને મળશે.

(૧) આતંકવાદી/નકસલવાદી હુમલામાં મૃત્યુ થાય.

(૨) સરહદ પર ગોળીબાર /બોમ્બ ધડાકામાં મૃત્યુ થાય.

(૩) કોમ્બીગ દરમ્યાન શકમંદ વ્યકિતની ધરપકડ કરવા જતાં, ગુનેગારને પકડવા જતાં ઝપાઝપી કે અન્ય રીતે મૃત્યુ થાય.

(૪) કાયદો અને વ્યવસ્થા જાળવવા ફરજ ઉપર મુકવામાં આવેલ હોય તે દરમ્યાન બચાવની કામગીરી, આગ બુઝાવવાની કામગીરી, પાણીમાં ડુબી જવાથી, ઝાડ કે ઈમારત પડવાથી, વાહન સાથે અકસ્માત થવાથી, ગોળી વાગવાથી કે બોમ્બ ધડાકામાં મૃત્યુ થાય.

(૫) ઠંડા પ્રદેશમાં અતિશય ઠંડી ને લીધે હીપ્પો લાગવાથી અથવા ગરમ પ્રદેશમાં અતિશય ગરમીને લીધે લૂ લાગવાથી મૃત્યુ થાય.

(૬) ઉપરના સંજોગો સિવાય અને ફરજ ઉપર ન હોય તો તેના કુટુબીજનોને આ લાભ મળશે નહી.

(૭) અપવાદ રૂપ કિસ્સામાં ભારતીય લશ્કર કે અર્ધ લશ્કરી દળના અન્ય સભ્યોના અવસાન કે ગંભીર ઈજા પામેલા (એટલે કે, ૫૦ ટકા કે તેથી વધુ અશકતતા ધરાવતા) સૈનિકો અને તેમના આશ્રિતો.

**<u>ઉપર જણાવેલ સંજોગોમાં મળવાપાત્ર સહાયની રકમ નીચે મુજબ રહેશે.</u>**

| ક્રમ | **સહાયની નીતિઃ–** |
|---|---|
| ૧. | **શહીદ જવાનના પત્નીનેઃ** –<br>રૂા.૧,૦૦,૦૦૦/–(એક લાખ પુરા) (V)<br>રૂા. ૧૦૦૦/– ( એક હજાર) માસિક સહાય<br>(પત્ની જીવીત રહે ત્યાં સુધી કે પુનઃલગ્ન કરે તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી)<br><br>***(V) તા. ૧૯/૬/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃસીએમજે–૧૦૨૦૦૦–૧૮૭૨–ફ (પાફા)*** |
| ૨ | **શહીદ જવાનના બાળકોનેઃ**–<br>માસિક રૂા. ૫૦૦/– પ્રતિ બાળક, વધુમાં વધુ બે બાળકો સુધી<br>(તેઓ ૨૫ વર્ષની ઉમંરે પહોંચે / શૈક્ષણિક અભ્યાસ પૂર્ણ કરે તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી) |
| ૩ | **શહીદ જવાનના માતા–પિતાનેઃ–**<br>માતા તથા પિતા દરેકને માસિક રૂા. ૫૦૦/–<br>( તેઓ જીવીત રહે ત્યાં સુધી) |
| ૪ | **અપંગ જવાનના કિસ્સામાંઃ–**<br>૫૦ % કે કેતથી વધુ અપંગતા હોય તેવા કિસ્સામાં રૂા. ૫૦,૦૦૦/– તથા રૂા. ૧૦૦૦/– માસિક આર્થિક સહાય (જિવિત રહે ત્યાં સુધી) |
| ૫ | **અપરણિત જવાનના કિસ્સામાંઃ–**<br>માતાને રૂા.૫૦,૦૦૦/–<br>માતા તથા પિતા દરેકને માસિક રૂા. ૫૦૦/– ( તેઓ જીવીત રહે ત્યાં સુધી) |

આ ઠરાવ અમલમાં આવે તે અગાઉ જે ચુકવણાં થઈ ગયેલ છે તેવા કિસ્સાઓની પુનઃવિચારણા કરવાની રહેશે નહિ.

જે રીતે પેન્શનરોના કિસ્સામાં તેમનું પેન્શન તેમના બેંક ખાતામાં બારોબર જમા થાય છે તે રીતે દર માસે સહાયની રકમ લાભાર્થીના બેંક ખાતામાં જમા કરાવવાની રહેશે.

આ સહાયના લાભાર્થી હયાત છે તેની દર વર્ષે સંબંધીત કલેકટરશ્રી તથા સંબંધીત જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીએ ખાતરી કરી તે અંગેનું પ્રમાણપત્ર સંબંધીત બેંકમાં રજૂ કરવાનું રહેશે. પ્રસ્તુત બાબતે ગૃહ વિભાગના ઉકત ક્રમાંક(૨) ના ઠરાવથી શહીદ જવાનોના વારસદારો તથા અપંગ સૈનિકોને સહાય મંજુર કરવા માટે નીચે દર્શાવેલ ત્રણ સભ્યોની **"સબ કમિટી"**ની રચના કરવામાં આવેલ છે.

૧. અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)/અગ્રસચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ

૨. અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)/અગ્રસચિવશ્રી(નાણાં), નાણાં વિભાગ

૩. અધિક મુખ્ય સચિવશ્રી(મહેસુલ)/અગ્રસચિવશ્રી(ગૃહ), મહેસુલ વિભાગ

આ સબ કમિટીને તેની સમક્ષ રજુ થનાર શહીદ તથા ફરજ પર મૃત્યુ પામેલ જવાનોના વારસદારો તથા અપંગ સૈનિકોને સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ/ધોરણો મુજબ સહાય મંજુર કરવાની સત્તા આપવામાં આવેલ છે. આ પેટા સમિતીની મંજુરી મળ્યા બાદ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા વાળી જવાન રાહત ભંડોળ બેઠકમાં પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની રહેશે.

ગૃહ વિભાગના તા.૧૭/૦૮/૨૦૦૫ ના ઠરાવથી શહીદ જવાનોના વારસદારોને સહાય ચુકવવા જે સબ કમિટિની રચના કરેલ છે તે સમિતિની અનુમતિથી આ ઠરાવ બહાર પાડેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વિજય બધેકા)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

<u>નકલ રવાના:–</u>

(૧) માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, માન.રાજયપાલશ્રીનું કાર્યાલય, રાજભવન,ગાંધીનગર.♦
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી,
(૩) માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ) ના અંગત સચિવશ્રી
(૪) મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ), સચિવાલય, ગાંધીનગર
(૬) અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), સચિવાલય, ગાંધીનગર
(૭) અગ્ર સચિવશ્રી (મહેસુલ),સચિવાલય, ગાંધીનગર
(૮) સર્વે જિલ્લા કલેકટરશ્રી
(૯) નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, કેમ્પ હનુમાન, શાહીબાગ,અમદાવાદ.
(૧૦) જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર, મહેસાણા, સાબરકાંઠા–હિમતનગર, ભુજ–કચ્છ.
(૧૧) <u>સિલેકટ ફાઈલ.</u>

**♦પત્ર ધ્વારા.**